# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/ક્વા-03/૨૦૨૦-૨૧/૧૪૭ તા.૨૭.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૭૬/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી વિરેન્દ્ર ચંદુભાઈ બારાઈ ગામ – પોરબંદર

સબડીવીઝન: કમલાબાગ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: સોમવાર (૧૯.૦૪.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯.૦૪.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમારી માલિકીની જગ્યા કે જે લાલ પેલેસ,કંકાઈ મંદિર સામે ઝૂરીબાગ રોડ ખાતે આવેલ તે જગ્યમાં રહેણાક તથા બીઝનેસ માટે એમોએ કાયદેસર પ્લાન તથા નકશા બનાવી અને પોરબંદર નગર સેવા સદનમાંથી ધોરણસર બાંધકામ મંજુરી મેળવી અને બાંધકામ સને ૨૦૧૮ માં કરેલ છે.અને તે સમયે અમોને ટેમ્પરરી વિજ કનેક્શન પણ આપવામાં આવેલ અને તે બે વરસ સુધી એટલે કે બાંધકામ પુર્ણ થયેલ ત્યારસુધી વપરાશ કરેલ છે અને તેના જે કાઈપણ બીલ આવતા તે એમોએ કાયદેસર નિયમીત રીતે પીજીવીસીએલમાં ભરપાઈ કરી

આપેલાં છે.હાલ અમારા પાસે પીજીવીસીએલનું કોઈપણ લેણું બાકી રહેલ નથી. અને આ અમારૂ બાંધકામ પુર્ણ થયા બાદ આ ટેમ્પરરી મીટર પીજીવીસીએલમાં જમા પણ કરાવી આપેલ છે અને આ મિલ્કતમાં કાયમી વપરાશ માટે નવેસરથી વિજકનેકસન મેળવવા માટે પીજીવીસીએલમાં છેલ્લા બે માસથી અરજી કરેલ છે પરંતુ અમોને આજતારીખ સુધી આવું કોઈ વિજકનેક્સન આપવામાં આવેલ નથી અને અમે જ્યરે જઈએ અને પૂછીએ ત્યારે ઉડાવ જવાબ આપે છે. આમ અનેક વખત ધક્કા ખાવા છતાં કોઈ સંતોષકારક જવાબ આપતા નથી અને અમારી આજુબાજુવાળાઓ અમારા પછી એપ્લાય થયેલ હોય તેને વિજકનેકશન આપવામાં આવેલ છે તો અમોને શા માટે ન આપતા હોય જે માટે એમોએ જાણ કરતાં અને કહેલ કે લેખિતમાં જવાબ આપો તો તો પણ આવા કોઈ જવાબ આપતા નથી અને અમારો કિમતી સમય બરબાદ કરે છે. એમોએ આ મકાન બાંધકામમાં અમારી તમામ જીંદગની રકમ વાપરેલ છે અને હાલ અમારે કોઈ ધંધા માટે બીજી જગ્યા ન હોય અને આ જ જગ્યામાં ધંધો કરવાનો હોય પરંતુ સામાવાળાઓ દ્વારા અમોને માનસીક ત્રાસ આપી અને વિજકનેકશન આપતા નથી.

આ બાબતે એમોએ સ્થાનીક પીજીવીસીએલના અધિકારીઓ (૧) શાહ સાહેબ (૨) મકવાણા સાહેબ (૩) પાંણખાણીયા સાહેબ (૪) અમીન સાહેબ (૫) લાખાણી સાહેબને રજુઆત કરવા છતાં કોઈના પણ તરફથી કોઈપણ જાતનો યોગ્ય સહકાર આપતા નથી કે વિજકનેકશન આપતા નથી કે શા માટે નથી આપવું તે જાણ પણ કરતાં નથી જેથી અમોને દહેશત છે કે આ લોકોએ અમોને આર્થિક રીતે નુકશાન કરવા મેલી મુરાદ હોય તેવું લાગે છે એમોએ અમારી મરણમુડી મકાનમાં વાપરી લીધેલ હોય અને અમારા ધંધા અમુક ખાનગી વ્યક્તિઓ પાસેથી મદદ માટે પણ રકમ લીધેલ હોય તે અમારે પરત કરવા માટે પણ અમોને ટેન્શન રહે છે જો અમોને આ વિજકનેકશન આપવામાં આવે તો નિયમીત ધંધો કરી લીધેલ રકમ ભરપાઈ કરી શકીએ જે રકમ હપ્તાથી ભરી આપીએ પરંતુ આ મિટર કનેક્શન ન મળતાં અમો તથા અમારા ઘરનાં પરિવારના સભ્યો માનસિક રીતે પરેશાન રહેતા હોય તો અમોને તાત્કાલીક વિજકનેકશન મળે તેવી કાર્યવાહી કરવા નમ્ર અરજ છે.

આ બાબતે અમો કે અમારા પરિવારના કોઈપણ સભ્યને માનસીક અઘટીત બનાવ બને તો તેની તમામ જવાબદારી ઉપરોકત અધિકારીઓની રહેશે

તો આ બાબતે અમારો આ પ્રશ્ન આપ સાહેબ દ્વારા જાણી અને તેનો નિકાલ લાવી અને અમોને અમારા ઉપરોકત સરનામે વિજકનેકશન મળે તેવી કાર્યવાહી કરાવવા નમ્ર અરજ છે. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કમલાબાગ પેટાવિભાગીય કચેરીના નવા વીજજોડાણ મેળવવા માટેના અરજદારશ્રી જીગ્નીશાબેન મનસુખલાલ દ્વારા લાલ પેલેસ વિસ્તાર, કનકાઈ માતાજીના મંદિર સામે, ઝુરીબાગ રોડ ખાતે પોરબંદર નગરપાલિકાની ટાઉન પ્લાનીંગ કમિટીની બાંધકામ પરવાનગી નંબર ૦૪/૧૮, તારીખ ૦૫.૦૯.૨૦૧૮થી બાંધકામ કરેલ છે. બાંધકામ પૂર્ણ થતાં જરૂરી AA-1 ફોર્મ તથા જરૂરી દસ્તાવેજો જોડીને વીજ કનેકશનની માંગણી કરેલ હતી. અરજીની સાથે જે દસ્તાવેજો જોડેલા છે તે પૂરતાં હોય,

પરંતુ ટાઉન પ્લાનીંગ કમિટી પોરબંદર નગરપાલિકા દ્વારા ફોર્મ- D પરવાનગીની કલમ ૦૫ મુજબ આ મિલ્કત CRZ ( કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન)માં આવતી હોવાથી વન અને પર્યાવરણ વિભાગનું NOC ( નો ઓબ્જેકશન સર્ટીફીકેટ) મેળવી લેવાની શરતે આ પરવાનગી આપવામાં આવેલ હતી. જેથી અરજદાર વતી વીરેન્દ્રભાઈ ચંદુભાઈ બારાઈને પોરબંદર નગરપાલિકાની ટાઉન પ્લાનીંગ કમિટી દ્વારા આપેલ ફોર્મ- D પ્રમાણેની શરત નં. ૦૬ મુજબ CRZ માં મિલકત આવતી હોવાથી વન અને પર્યાવરણ વિભાગનું NOC મેળવીને રજુ કરવાની મૌખિક સુચના આપવામાં આવેલ હતી. પરંતુ અરજદાર દ્વારા સદર NOC/સર્ટીફીકેટ રજુ કરવામાં ન આવેલ હોવાથી અરજદારનું વીજ કનેક્શન હાલના સંજોગોમાં મંજુર કરી શકેલ નથી.

૩.૧ ઉપરોક્ત રજૂઆત મુજબની હકીકતનો જાણ કરતો પત્ર કમલાબાગ પેટાવિભાગીય કચેરી દ્વારા **NO.KBSD/REV/LEGLE/**94 , તારીખ ૦૬.૦૧.૨૦૨૧ થી અરજદારને આપેલ છે, જે આ સાથે સામેલ છે.તદ્દુપરાંત **AA-1** ફોર્મમાં જીગ્નીશાબેન મનસુખલાલની ખોટી સહી કરીને વીજ જોડાણ મેળવવાનો પ્રયાસ કરેલ છે તેમની પાસે કોઈ જ પાવર ઓફ એટર્નીના હકો પણ નથી.આમ છતાં અરજદાર દ્વારા **CRZ** વન અને પર્યાવરણ વિભાગનું **NOC** મેળવીને રજુ કર્યેથી નિયમ અનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આપની જાણ સારું તેમજ આગળની કાર્યવાહી અર્થે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદા નં. ૩.૧ મુજબ અરજદાર શ્રી એ પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ CRZ વન અને પર્યાવરણ વિભાગનું NOC મેળવીને રજુ કર્યેથી નિયમ અનુસારની આગળની કાર્યવાહી કરવા માટે અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૨ તો તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯